REGISTERED No. GRJ-24

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. XLVII] WEDNESDAY, 14th JUNE, 2006/JYAISTHA 24, 1928 [No. 31

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના, સુરત નં. પર (વેડ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસુચન

T.P.D./OUT/૨૪૮૬/૦૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ ,યોજના)નો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨ (૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : તાપી નદી.

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૧ (ડભોલી)ની હદ તથા મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૩૫ (કતારગામ)ની હદ.

પૂર્વે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૦ (વેડ-કતારગામ)ની હદ.

પશ્ચિમે : તાપી નદી.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધી થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધા યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત, ૧૩ માહે જુન, સને ૨૦૦૬.

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

ઠરાવ :–

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૦૯-૦૬-૨૦૦૬ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૧૭-૦૨-૨૦૦૬ના પત્ર નં. સીમીસ/૮/૪૨થી વિદિત થઈ, નોર્થ ઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના. સુરત નં. ૫૧ (ડભોલી) ને ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૨ (૧) મુજબ યોજનાનો મુસદ્દો સરકારી રાજયપત્રમાં તથા બે સ્થાનિક દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો પ્રસિધ્ધ કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સુચનો મેળવવા તથા આવેલ વાંધા/સુચનો ધ્યાને લઈ ઉપરોક્ત કાયદાની જોગવાઈઓ મુજબ સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫૧ (ડભોલી)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૨ (૧) મુજબ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા મંજુરી આપવાનું તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૩૧/૨૦૦૬ સર્વાનુમતે મંજુર**

---

## સુરત મહાનગરપાલિકા

નગર રચના યોજના, સુરત નં. ૫૦ (વેડ-કતારગામ) નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબત

## અધિસુચન

T.P.D./OUT/૨૪૮૪/૦૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના)નો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨ (૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : તાપી નદી.

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૪૯ (કતારગામ)ની હદ.

પૂર્વે : તાપી નદી.

પશ્ચિમે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૨ (વેડ)ની હદ.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધી થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધા યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત, ૧૩ માહે જુન, સને ૨૦૦૬.

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.